ભાગ-2

# ગુરુદ્વારાની છેતરપિંડી

વિઝામિત્રો, ગતાંકમાં આપણે જોયું કે ભલાભોળા ભજનિક ગુરપ્રીતસિંઘ ને R-1 વિઝા પર અમેરિકામાં ત્યાંના ગ્રંથિસાહેબે સ્પોન્સર કરીને બોલાવ્યા. પાંચ વર્ષ પછી એમને ગ્રંથિસાહેબે રોકી લીધા. તેથી તેઓનો અમેરિકાનો વસવાટ ઈલીગલ થઈ ગયો. એમની પાસે ભજન ગવડાવવા સિવાયનું બીજું બધું કામ કરાવવામાં આવ્યું. પરંતુ ફ્રોડ ડિટેક્શન ઓફિસરે ગુરુદ્વારા પર સરપ્રાઈઝ ઈન્સ્પેક્શનમાં તેમને પકડી લીધા. ડિપોર્ટ કરી નાખ્યા અને તેમને અમેરિકામાં પ્રવેશવા પર 10 વર્ષની બંધી પણ લાગી ગઈ. હવે એમના એ દસ વર્ષ પૂરા થઈ ગયા છે. એમને અમેરિકાના એક ખૂબ જ પ્રસિદ્ધ ગુરુદ્વારામાંથી R-1 વિઝા પર તેડાવવાની વાતચીત ચાલુ થઈ ગઈ છે. ગુરપ્રીતસિંઘ મૂંઝાયા છે કે હવે એમણે શું કરવું? અમેરિકા જવું કે નહીં?અગર જવું હોય તો કાયદેસર રીતે કઈ રીતે જઈ શકાય? એમને રસ્તો જાણવો હતો એટલે એ અમારી પાસે આવ્યા હતા.

તો મારો એમને એક જ જવાબ હતો કે, 'હા, ગુરપ્રીતસિંઘ ફરી પાછા R-1 વિઝા પર અમેરિકા જઈ શકશે પણ એ માટે એમણે લાંબીચોડી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે.''

સૌપ્રથમ તો એમણે દેખાડવું પડશે કે એ એક વધુ વર્ષ શા માટે અમેરિકામાં રહ્યા? એ પોતાની મરજીથી રહ્યા હોત અથવા એમણે વધારાના વર્ષમાં રહીને બીજી કોઈ જગ્યાએ નોકરી કરી હોત અથવા એમણે જો અસાઈલમ માગ્યું હોત તો આજે એમને વિઝા મળવા અશક્ય થઈ જાત. ગુરપ્રીતસિંઘે નહોતી બીજે નોકરી કરી, કે નહોતું એમણે અસાઈલમ માગ્યું, કે નહોતા એ પોતાની મરજીથી રહ્યા, એમને તો છેતરવામાં આવ્યા હતા. આથી એ અમેરિકામાં મજબૂરીથી રહ્યા હતા એ એમણે દેખાડવું પડશે.

**વિઝા મિત્ર**
★ સંગીતા જોષી

એમણે એક સોગંદનામું બનાવવું પડશે. એમાં એમણે સોગંદ પર જાહેર કરવું પડશે કે તેઓ સાથે છેતરપિંડી કરવામાં આવી હતી અને તેમાં એમનો કંઈ વાંક હતો નહીં. એ તો ભોળપણમાં છેતરપિંડીનો શિકાર બની ગયા હતા.

R-1 વિઝા નોનઈમિગ્રન્ટ વિઝા છે એટલે ગુરપ્રીતસિંઘે ફરી પાછું એમણે અમેરિકામાં કાયમી નથી રહેવું અને એમની મુદત પૂરી થતાં જ એ આ વખતે સચ્ચાઈપૂર્વક પાછા આવી જશે એવું સાબિત કરવું પડશે. એ માટે એમણે ભારતમાં પોતાના સગા સંબંધીઓ એટલે કે પત્ની, બાળકો, મા બાપ વગેરે સાથે ખૂબ જ ગાઢ સંબંધ છે એ દેખાડવું પડશે. આ ઉપરાંત એમની પાસે ભારતમાં સારી એવી પ્રોપર્ટી અને પૈસો છે જે એમને પાછા લઈ આવશે એ પણ બતાવવું પડશે.

ગુરપ્રીતસિંઘના કેસમાં એક પ્લસ પોઈન્ટ છે કે અત્યારે જે ગુરુદ્વારા




**લાંબીચોડી અને જટિલ પ્રક્રિયામાંથી પસાર થયા બાદ ગુરપ્રીતસિંઘ જો ઇન્ટરવ્યૂમાં પાસ થઈ જશે તો જ એમને R-1 વિઝા મળી શકશે**

એમને બોલાવવા માંગે છે એ ગુરુદ્વારા અગાઉના ગુરુદ્વારા કરતાં વધુ મોટું, જાણીતું અને ભરોસા લાયક છે. અત્યારે એ ગુરુદ્વારા એમને પહેલા કરતાં પણ વધુ પગાર ઓફર કરી રહ્યા છે અને એનું રેપ્યુટેશન ખૂબ જ સારું છે. એ ગુરુદ્વારાએ અત્યાર સુધી બધું જ કાયદેસર કર્યું છે. તેઓ ગુરપ્રીતસિંઘના R-1 પિટિશનમાં બધી જ સચ્ચાઈ બતાવવાના છે એટલે કે ગુરપ્રીતસિંઘને પાછલા વખતે ડીપોર્ટ કરવામાં આવ્યા હતા એ પણ બતાવશે. કારણકે એ વાત જો છુપાવવામાં આવે તો તો ગુરપ્રીતસિંઘ પર જીવનભર અમેરિકામાં પ્રવેશબંધી લાગુ પડી જાય.

એક વખત એમનું R-1 વિઝાનું નવું પિટિશન અપ્રુવ થઈ જાય ત્યારબાદ એમણે DS-160 ફોર્મ ભરી, વિઝા પ્રોસેસિંગ ફી ભરીને ઈન્ટરવ્યૂની તારીખ લેવી પડશે.

આ સમયે ઈન્ટરવ્યૂમાં એમણે એક સોગંદનામું બનાવીને લઈ જવું પડશે. એમાં બતાવવું પડશે કે પાછલા વખતે તેઓ શા માટે અમેરિકામાં એક વર્ષ વધુ રહ્યા હતા. અત્યારના ગુરુદ્વારાની ગેરંટી લાવવી પડશે કે એ લોકોને ગુરપ્રીતસિંઘ જેવા કુશળ ભજનિકની ખૂબ જ જરૂર છે અને તેઓ એમને એમનો સમય પૂરો થતાં જ પાછા મોકલી દેશે. એને એક દિવસ પણ વધુ રહેવા નહીં દે. પાછલા ડિપોર્ટેશનની કોપી અને તેઓએ તે વખતે અમેરિકા છોડી દીધું હતું એનું પ્રુફ એટલે કે તે વખતની ફ્લાઈટની ટિકિટ બતાવવી પડશે. એમણે અસાઈલમ નહોતું ફાઈલ કર્યું એ બતાવવું પડશે. ભારતમાં એમના કૌટુંબિક અને નાણાકીય સંબંધો ખૂબ જ ગાઢ છે એ પણ બતાવવું પડશે અને સૌથી મોટી અને અત્યંત જરૂરી ચીજ છે એમણે એક માફીનામું બનાવવું પડશે અને પાછલી વાર કરેલી ભૂલની વિગતવાર માફી માગવી પડશે. આ માફી મળતાં 12 થી 14 મહિના લાગે છે. અને ત્યારબાદ જ R-1 વિઝા અપ્રુવ થાય છે. આ માફીનામાનું પેકેટ એણે ઈન્ટરવ્યૂમાં લઈ જવું પડશે. ત્યારબાદ જ તેઓ ઈન્ટરવ્યૂમાં જઈ શકશે.

લાંબીચોડી અને જટિલ પ્રક્રિયામાંથી પસાર થયા બાદ ગુરપ્રીતસિંઘ જો ઈન્ટરવ્યૂમાં પાસ થઈ જશે તો જ એમને R-1 વિઝા મળી શકશે.

તો વિઝામિત્રો, તમે જોયું ને એકાદું નાનકડું ખોટું અને ગેરકાયદેસરનું પગલું તમને કેવી ગર્તામાં ધકેલી દે છે. આથી જો અમેરિકા જવું હોય, ત્યાં જઈને પ્રગતિ કરવી હોય, સમૃદ્ધ થવું હોય તો ભૂલે ચૂકે એકાદું પણ ખોટું કામ કરતા નહીં. સચ્ચાઈના માર્ગ પર ચાલજો. તો અમેરિકા જાઓ, ખૂબ કામ કરો, ખૂબ આનંદપૂર્વક રહો. ઓલ ધ બેસ્ટ.

# 'એડવોકેટ'નું સ્ટિકર હોવાથી વીમા કંપની વીમા પોલિસી ટ્રાન્સફર કરવાનો ઈનકાર કરી શકે નહીં

જૂની કાર ખરીદ્યા પછી વાહનના રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં નવા માલિકનું નામ દાખલ થઈ જાય, પરંતુ વીમા કંપની પોલિસીમાં નામ બદલવા માટે વારંવાર ધક્કા ખવડાવે તો? અને તેનું કારણ કારના કાચ ઉપર લગાવેલું 'એડવોકેટ'નું સ્ટિકર હોય તો? કોઈ ચોક્કસ શરત કે પુરાવા વિના આવો ઈનકાર કરવો વીમા કંપનીને ભારે પડી શકે છે. તામિલનાડુના કોઈમ્બતુર જિલ્લા ગ્રાહક કમિશને આવા જ એક રસપ્રદ કેસમાં વીમા કંપનીને રૂપિયા 50,000 વળતર અને રૂપિયા 5,000 ખર્ચ ચૂકવવાનો આદેશ આપ્યો છે.

કોઈમ્બતુરના વકીલ એસ. કિંગ્સલી પૉલ રોબિન્સને વર્ષ 2019ના મોડેલની હોન્ડા ડબ્લ્યુઆરવી કાર ખરીદી હતી. અગાઉના માલિક કૌશિક પણ વકીલ હતા. કારનો કોમ્પ્રિહેન્સિવ વીમો ઇન્ડસઇન્ડ જનરલ ઈન્શ્યોરન્સ કંપની પાસે હતો, જેની મુદત 3 જુલાઈ, 2025થી 2 જુલાઈ, 2026 સુધીની હતી. કારના રજિસ્ટ્રેશન પ્રમાણપત્રમાં પોતાનું નામ દાખલ થયા પછી રોબિન્સને 14 ઓગસ્ટ, 2025ના રોજ વીમા પોલિસીમાં પણ નામ બદલવાની અરજી કરી.

કંપનીએ માગ્યા મુજબ તેમણે રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર, વર્તમાન પોલિસી, સરનામું, સંપર્કની વિગતો અને નોમિનીની માહિતી મોકલી આપી. ત્યારબાદ કારના ફોટોગ્રાફ્સ માગવામાં આવ્યા. તેમણે જુદી જુદી બાજુના ફોટા તથા ઓડોમીટરનો ફોટો પણ મોકલ્યો. તેમ છતાં ફોટા સ્પષ્ટ નથી એવું કારણ આપીને અરજી આગળ વધારવામાં આવી નહીં.

આખરે કંપનીના પ્રતિનિધિઓએ બે વખત રૂબરૂ આવીને કારનું નિરીક્ષણ કર્યું અને ફોટા પાડ્યા. છતાં ક્યારેક કારમાં ગોબા છે તો ક્યારેક લિસોટા છે એવાં કારણો અપાતાં રહ્યાં. ફરિયાદીના જણાવ્યા પ્રમાણે, પૂછપરછ કરતાં તેમને મૌખિક રીતે કહેવાયું કે કારના આગળ અને પાછળના કાચ પર લગાવેલાં 'એડવોકેટ'નાં સ્ટિકર દૂર કરશો તો જ પોલિસીમાં નામ બદલાશે!



**'એડવોકેટ'નાં સ્ટિકર દૂર કરવાં ફરજિયાત હોય તેવી કોઇ પોલિસીની શરત કે સંબંધિત માર્ગદર્શિકા પણ કંપની દર્શાવી શકી નહોતી**

ફરિયાદીની દલીલ હતી કે આ સ્ટિકર તામિલનાડુ અને પુડુચેરી બાર કાઉન્સિલ દ્વારા અપાયેલાં હતાં. અગાઉના માલિકના નામે વીમો ઉતારતી વખતે પણ તે કાર પર હતાં. ત્યારે કંપનીએ કોઈ વાંધો લીધા વિના પ્રીમિયમ સ્વીકાર્યું હતું. સ્ટિકરથી કારની ઓળખ, એન્જિન કે ચેસિસ નંબરમાં ફેરફાર થતો નહોતો. પોલિસીમાં પણ આવાં સ્ટિકર સામે પ્રતિબંધ દર્શાવાયો નહોતો.

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

વીમા કંપનીએ બચાવમાં જણાવ્યું કે વાહનનું રજિસ્ટ્રેશન બદલવાથી પોતાના વાહનના નુકસાનનું વીમા રક્ષણ આપોઆપ નવા માલિકને મળતું નથી. નિરીક્ષણ અને જોખમનું મૂલ્યાંકન જરૂરી છે. કારમાં અગાઉથી નુકસાન હતું અને સ્પષ્ટ ફોટા મળ્યા નહોતા. સ્ટિકર દૂર કરાવવાની માગણી પણ જોખમના મૂલ્યાંકનની પ્રક્રિયાનો ભાગ હોવાનું કંપનીએ કહ્યું. કમિશને સ્પષ્ટ કર્યું કે પોતાના વાહનના નુકસાનનું રક્ષણ આપોઆપ ટ્રાન્સફર થતું નથી એ કાનૂની સ્થિતિ સામે વિવાદ નથી પરંતુ અહીં ફરિયાદીએ આપોઆપ ટ્રાન્સફરનો દાવો કર્યો નહોતો; તેમણે વિધિવત્ અરજી કરીને જરૂરી દસ્તાવેજો આપ્યા હતા.

કમિશનના મતે, કંપનીને વાહન તપાસવાનો અધિકાર છે, પરંતુ પ્રક્રિયા વાજબી અને પારદર્શક હોવી જોઈએ. કયો ફોટો અસ્પષ્ટ હતો? કારના કયા ભાગમાં કેવું નુકસાન હતું? તેની ચોક્કસ વિગતો ગ્રાહકને જણાવવી જરૂરી હતી.

કથિત નુકસાનને સમર્થન આપતા સંતોષકારક પુરાવા રજૂ થયા નહોતા. 'એડવોકેટ'નાં સ્ટિકર દૂર કરવાં ફરજિયાત હોય તેવી કોઈ પોલિસીની શરત કે સંબંધિત માર્ગદર્શિકા પણ કંપની દર્શાવી શકી નહોતી. માત્ર આંતરિક નિયમોનો સામાન્ય ઉલ્લેખ કરીને અરજી અટકાવી શકાય નહીં. કેસ ચાલતો હતો તે દરમિયાન જૂની પોલિસીની મુદત પૂરી થઈ ગઈ અને ફરિયાદીએ ન્યૂ ઇન્ડિયા એશ્યોરન્સ પાસેથી નવો વીમો લીધો. તેથી જૂની પોલિસીમાં નામ બદલવાનો મૂળ આદેશ આપવાનું શક્ય રહ્યું નહીં. જોકે તેનાથી અગાઉ થયેલી સેવામાં ખામી બદલ વળતર મેળવવાનો અધિકાર સમાપ્ત થતો નથી.

પ્રમુખ આર. થંગાવેલ અને સભ્ય પી. મારિમુથુની બનેલી કોઈમ્બતુર જિલ્લા ગ્રાહક કમિશનની બેન્ચે ફરિયાદ અંશતઃ મંજૂર કરી. ફરિયાદીને કુલ રૂપિયા 55,000 એક મહિનામાં ચૂકવવા અને ચૂકવણીમાં નિષ્ફળ જાય તો કુલ રકમ પર વાર્ષિક નવ ટકા વ્યાજ ચૂકવવા વીમા કંપનીને આદેશ કર્યો હતો.

આ ચુકાદાનો સંદેશ સ્પષ્ટ છેઃ વીમા કંપની તપાસ કરી શકે, પરંતુ ગ્રાહકનો દાવો ચોક્કસ, પુરાવાસભર અને કરારને અનુરૂપ કારણ સિવાય નકારી શકે નહીં.